"ગુજરાત સમાચાર" પાના નં. 3.
તા. ૨૪/૧૧/૯૯

# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

નં. સુડા/ટીપીએસ નં. ૧૨ (પુણા)/

'સુડા ભવન'
કલેકટર કચેરીની પાછળ,
નાનપુરા, સુરત.

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે સુરત શહેરી વિકાસ સત્તા મંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ મુજબ નગર રચના યોજના નં. ૧૨ (પુણા) 'સુડા' સુરતની મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે. જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ મુસદ્દારૂપ નગર રચના યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

### પરિશિષ્ટ (અ)

ચર્તુસીમા

ટી.પી. સ્કીમ નં. ૧૨ (પુણા) સુડા.

ઉત્તરે : હયાત રસ્તો, ટી.પી. સ્કીમ નં. ૧૧, (પુણા) સુડાની હદ તથા ગામતળ.

પૂર્વે : હયાત રસ્તો તથા ગામ પૂણાના બ્લોક નં. ૧૫ થી ૧૮, ૨૦, ૨૧, ૨૪ તથા ૫૦.

પશ્ચિમે : સુરત મહાનગરપાલિકાની હદ, ગામ- મગોબ.

દક્ષિણે : ગામ મગોબ તથા હયાત કેનાલ

નોંધ : ઉપરોક્ત સ્કીમમાં સમાવેશ થયેલ બ્લોક નંબરોની યાદી મોજે પુણા બ્લોક નં. ૧ થી ૧૪, ૬૧૪ થી ૬૮૭, ૬૮૮/૧, ૬૮૯, ૬૯૦, ૬૯૧, ૬૯૨/પૈકી, ૬૯૩, ૬૯૪, ૬૯૫/૧, ૬૯૬/૧, ૭૦૮, ૭૧૦/૧, ૭૧૧, ૭૧૨, ૭૧૩, ૮૦૫ થી ૮૨૧ તથા હયાત રસ્તા.

આ યોજનાના મુસદ્દાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી, સૂડાભવન, કલેકટર કચેરી પાછળ, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે. સરકારી રાજપત્રમાં આ અધિસૂચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈ પણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા, બે નકલમાં લેખિત રીતે સુરત શહેરી વિકાસ સત્તામંડળને રજુ કરશે તો 'સુડા' દ્વારા ઉક્ત કાયદાની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારશ્રીને યોજનાનો મુસદ્દો સાદર કરતા પહેલા, આવેલા વાંધા વિચારણામાં લેશે.

નંબર માહિતી-સુરત-૬૪૨/૯૯.

મુખ્ય કારોબારી અધિકારી,
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.